જુલાઈ ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ
મેગેઝીન હવે
વીડીયોમાં
પણ ઉપલબ્ધ...
માત્ર ગુજરાતીમાં



# મારા મમ્મી પપ્પા



## સંપાદકીય

બાળમિત્રો,

જ્યારે આપણે એક સુંદર વૃક્ષને જોઈએ છીએ, ત્યારે આપણને ફક્ત થડ, ડાળી અને પાંદડા જ દેખાય છે. ઝાડનું મૂળિયું, જે ઝાડને ટેકો આપીને એનું રક્ષણ કરે છે તે દેખાતું નથી. આપણા પેરેન્ટ્સ પણ ઝાડના મૂળિયાની જેમ આપણને પોષણ આપે છે અને રાત-દિવસ આપણું રક્ષણ કરે છે. આપણને યાદ નથી, કે નાનપણથી લઈને આજ સુધી એમણે આપણા માટે શું શું કર્યું છે, પણ એમની જ સંભાળને કારણે આજે આપણે આટલું સારી રીતે જીવીએ છીએ. ચાલો, વાર્તાઓ અને જ્ઞાનીઓની સમજણ દ્વારા પેરેન્ટ્સનો ઉપકાર સમજીએ અને એમના વિનયમાં રહેતા શીખીએ.

- ડિમ્પલ મહેતા


**અક્રમ એક્સપ્રેસ**

July, 2026
Year 18, Issue : 11
Conti. Issue No.: 215
Published Monthly



સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2026, Mahavideh Foundation
All Rights Reserved



Price Per Copy: NIL






# દાદા અને એમના મધર

નાનપણમાં એક વાર દાદાએ એક છોકરાને નાનો અમથો પથ્થર માર્યો. એ છોકરાને લોહી નીકળ્યું. દાદાના મધર ઝવેરબાને આ વાતની ખબર પડી.

## માર ખાઈને આવજે

ઝવેરબા : આ શું કર્યું, ભાઈ ? એ છોકરાને લોહી નીકળ્યું.

દાદા : પણ બા, મારું નહીં તો શું કરું ? એણે કર્યું જ એવું !

ઝવેરબા : એ છોકરાને મા નથી. એ તો એના કાકીના ઘરે રહે છે. કોણ એની પાટાપીંડી કરશે ? કેટલું રડતો હશે બિચારો. એને કેટલું દુઃખ થતું હશે. હવેથી તું માર ખાઈને આવજે. પણ કોઈને મારીશ નહીં. હું તારી મા છું, તારું ધ્યાન રાખીશ.

મમ્મી માર ખાઈને આવવાનું શિખવાડે, તો કોઈ મમ્મીની વાત માને ? મમ્મીની વાત ગમે ? પણ દાદાને એમના મધરની વાત બહુ જ ગમી



ગઈ. એમણે એમના મધરની વાત તરત સ્વીકારી લીધી કે બા કહે છે એ વાત સાચી છે અને ત્યારથી એમણે ક્યારેય કોઈને માર્યું નથી.


## ત્રણ-ત્રણ વખત જમતા...

વડોદરામાં ક્યારેક ક્યારેક દાદાને એમના ફ્રેન્ડ સર્કલ સાથે જમવા બેસવું પડતું. કોઈ બહુ જ આગ્રહ કરે તો 'ના' કહેવું અઘરું થઈ જતું હતું. એટલે દાદા થોડું જમી લે. ત્યારથી પછી બીજી જગ્યાએ પણ થોડું જમવું પડતું.

જમીને તેઓ ઘરે પાછા ફરે ત્યારે એમના મધર ઝવેરબા જમ્યા વગર એમની રાહ જોઈને બેઠા હોય. મધર જોડે ના જમે તો મધરને દુઃખ થાય. એમને દુઃખ ના થાય, એટલે દાદા ત્રીજી વાર એમની સાથે જમવા બેસી જાય. મધરને રાજી રાખવા માટે દાદા આવું કરતા.

કોઈકે દાદાને કહ્યું, 'દાદા, બાને (મધરને) ના રાજી રાખીએ તો ચાલે.' તો દાદા કહે, 'બાને રાજીના રાખીએ, એવું તો ચાલતું હશે ?'

**આમ, આખી જીંદગી દાદાએ એમના મધરને સહેજ પણ દુઃખ પડવા દીધું નથી.**



# જ્ઞાનીઓ કહે છે...

મમ્મી-પપ્પા આપણા માટે કેટલું બધું કરે છે. એમનો આપણા ઉપર કેટલો બધો ઉપકાર છે. આપણને મમ્મીએ નવ મહિના પેટમાં રાખ્યા, કેટલી તકલીફો વેઠીને આપણને જન્મ આપ્યો. ખવડાવ્યું-પિવડાવ્યું, માંદા-સાજા હતા ત્યારે કાળજી રાખી. રાતોની રાતો ઉજાગરા કર્યા. પોતે ભૂખ્યા રહીને આપણને સાચવ્યા. એ કેમ ભૂલી જવાય આપણાથી ? ગમે એટલું આપણને મમ્મી-પપ્પાની વાત પસંદ ના હોય, તો પણ એમની સામું ના બોલાય. સામું બોલીએ તો એમને બહુ દુઃખ થાય. આપણાથી એમની ભૂલ ના જોવાય. એમની ભૂલો જોઈએ ને તો આપણને બહુ દોષ લાગે. આપણો વિનયધર્મ આખો તૂટી જાય.

મમ્મી-પપ્પાનો ઉપકાર યાદ રહે, તો એમના માટે વિનય ઉત્પન્ન થાય આપણામાં. આપણે એમના વિનયમાં રહીએ, તો એમના આશીર્વાદ



આપણા પર ઊતરે. એમની અંદરના ભગવાન આપણી ઉપર રાજી થાય.

પ્રશ્નકર્તા : ક્યારેક મારું ભાવતું ના મળે તો મમ્મી પર ગુસ્સો આવી જાય. મારું ગમતું ના થાય તો પપ્પાની સામે બોલાઈ જાય.


નીરુમા : એવું થઈ જાય તો તરત એનું પ્રતિક્રમણ કરી નાખવાનું. માફી માંગી લેવાની.

પ્રતિક્રમણ એટલે શું ? ધારો કે આપણાથી આપણી મધરનો દોષ જોવાઈ ગયો, તો તરત આપણને રિયલાઈઝ (ખબર પડી) થયું કે આ ખોટું છે, આવું ન થવું જોઈએ. તો એમની અંદર બેઠેલા પરમાત્માને નમસ્કાર કરીને માફી માંગવાની, પશ્ચાત્તાપ કરવાનો કે, 'અરરર ! મારાથી આ થયું એ ખોટું છે, આ મારી ભૂલ થઈ ગઈ, હવે ફરી આવું નહી કરું. હે પ્રભુ ! મને શક્તિ આપો કે ફરી આવા દોષ ક્યારેય ના કરું.' આટલું જ જો મનમાં એમની અંદર બેઠેલા ભગવાનને નમસ્કાર કરીને માફી માંગી લઈએ તો આપણો દોષ ધોવાઈ જાય છે.




સોનેરી ચમકતો દરવાજો
આરવ, મોબાઈલ બંધ કર અને હોમવર્ક કરવા બેસ. તારો રૂમ કેટલો ગંદો છે, સાફ કર.
આરવ, તું બહુ ટાઈમ બગાડે છે.
ઓફ્ફો ! આખો દિવસ મમ્મી-પપ્પાની કચકચ. આ કર, તે ના કર. એ લોકો મને પ્રેમ જ નથી કરતા... કાશ, હું કોઈ એવી જગ્યાએ જતો રહું, જ્યાં મમ્મી-પપ્પાની કચકચ ના હોય.
તે રાત્રે આરવ લાઈટ બંધ કરીને આરામથી સૂઈ ગયો.


થોડી વારમાં આરવના રૂમમાં એક સોનેરી દરવાજો ખૂલ્યો. એક અવાજ આવ્યો, 'આરવ, જ્યાં કોઈ  નિયમો ના હોય ત્યાં જવું છે ? આ દરવાજાની પેલે પાર એવી દુનિયા છે.'
આ સાંભળીને આરવ તરત જ પલંગમાંથી કૂદીને બહાર આવ્યો અને દરવાજામાંથી કૂદીને બીજી બાજુ પહોંચી ગયો.
એ જગ્યા જોઈને આરવ દંગ રહી ગયો. ત્યાં ઝાડ પર ચૉકલેટ્સ હતી. હવામાં રમકડાંઓ તરતા હતા. મિલ્કશેકની નદીઓ વહેતી હતી. પ્રાણીઓ અને રોબૉટ્સ વાતો કરતા હતા.


હું છું ફિલપ. અહીં તું ગમે તે કરી શકે છે. નો હોમવર્ક, નો કચકચ. તને કંઈ પણ પ્રશ્ન હોય તો મને પૂછજે.
આરવની ખુશીનો પાર ના રહ્યો. સહુથી પહેલા એ કૅન્ડીના ખેતરમાં દોડ્યો. ત્યાં બરફ કૅન્ડીના કણનો વરસાદ પડતો હતો.
વાઉ ! હું આખી રાત અહીં રમીશ.



પણ થોડી જ વારમાં એનું નાક વહેવા લાગ્યું. એના દાંત કકડવા લાગ્યા. એ ધ્રુજવા લાગ્યો.
એને મમ્મીની યાદ આવી. આરવને જ્યારે બહુ ઠંડી લાગતી ત્યારે મમ્મી એને હૉટ ચૉકલેટ દૂધ આપી ગરમ ગરમ બ્લેન્કેટમાં લપેટી દેતા. પણ અહીં તો એનું ધ્યાન રાખવા માટે કોઈ નહોતું.
બીજા દિવસે આરવ છીંકાછીંક કરતો એક તળાવ પર પહોંચ્યો. તળાવને પેલે પાર પહોંચવા માટે એક બ્રિજ હતો. પણ એ બ્રિજ પરથી પસાર થવા માટે એક પઝલ સૉલ્વ કરવાની હતી. બધા બાળકોએ ફટાફટ હસતા રમતા પઝલ સૉલ્વ કરી દીધી અને આગળ નીકળી ગયા. પણ આરવ પઝલ સૉલ્વ ના કરી શક્યો.




આરવ દુઃખી થઈ ગયો. એને ડર લાગ્યો. એકલું એકલું પણ લાગ્યું. એને પપ્પાની યાદ આવી. ઘરે હતો ત્યારે કંઈ પણ ના આવડે, તો પપ્પા પાસે દોડી જતો હતો અને પપ્પા એને સરસ રીતે સમજાવતા હતા. બસ, એને તો પપ્પાને ભેટીને રડવાનું મન થયું.

એકલો અટૂલો આરવ ચમકતા કૅન્ડીના ઝાડ નીચે જઈને બેઠો. ત્યાં તો ફ્લિપ આવ્યો અને આરવને દુઃખી થવાનું કારણ પૂછ્યું.




બધા બાળકોને એવું જ થાય છે કે મમ્મી-પપ્પા કચકચ કરે છે. પણ કોઈને મમ્મી-પપ્પાનો પ્રેમ દેખાતો નથી.
ફિલપે આકાશ તરફ ઈશારો કર્યો. હવામાં એક મોટી LED સ્ક્રીન ઝૂલી રહી હતી. એમાં આરવના મમ્મી-પપ્પા દેખાયા.
આરવના મમ્મી મોડી રાત સુધી આરવના માથે પોતા મૂકી રહ્યા હતા અને બીજા દિવસે વહેલી સવારથી કામે લાગી ગયા.
પછી, આરવના પપ્પા મોડી રાત સુધી આરવને સ્કૂલ પ્રોજેક્ટમાં હેલ્પ કરી રહ્યા હતા અને બીજા દિવસે વહેલી સવારે ઑફિસ જવા નીકળી ગયા. આમ, એક પછી એક આરવને ઘણા સીન દેખાયા.


ફિલિપ, મને તો ખબર જ નહોતી. મેં તો આવું ક્યારેય જોયું જ નહોતું કે પોતાનું ધ્યાન રાખ્યા વગર મમ્મી-પપ્પા મારું કેટલું ધ્યાન રાખે છે. મને તો એવું જ લાગતું હતું, કે તેઓ આખો દિવસ કચકચ કરે છે.
આરવનું વાક્ય પૂરું થયું, ત્યાં તો પેલો સોનેરી ચમકતો દરવાજો એને ફરી દેખાયો. એ ફિલિપને ‘બાય’ કહીને તરત દરવાજા તરફ દોડ્યો અને એમાંથી કૂદીને પોતાના રૂમમાં આવી ગયો.


સવારે ઊઠ્યો ત્યારે આરવ એના પલંગમાં સૂતો હતો અને રૂમમાં કોઈ દરવાજો નહોતો.
આરવ, જલ્દી ઊઠ. સ્કૂલ બસ આવી જશે.
આ શું ? કોઈએ આપણા આરવને બદલી નાખ્યો ?!
આરવને બદલ્યો નહોતો, પણ એ બદલાઈ ચોક્કસ ગયો હતો.

# AALOO CHILLY

આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here : https://dbf.adalaj.org/R32d924x

**આલુએ ચીલીને ટાકો અને બ્રાઉનીની સ્ટૉરી કહી. જેમાં ચીલીને સમજાયું, કે કઈ રીતે ઈર્ષાના કારણે બ્રાઉનીએ બધું ગુમાવી દીધું. અને એવી જ ઈર્ષા એને કોકોથી થતી હતી.**

આલુની વાત સાંભળીને ચીલીની આંખો અને નાકમાંથી પાણી નીકળવા માંડ્યા. એ આલુના ખભા પર નાક લૂછી રહ્યો હતો. ત્યાં જ આલુને એના બીજા ખભા પર પણ કંઈક ચીકણું ચીકણું લાગ્યું. ફરીને જોયું તો પાર્સલી ડૂસકા ભરીને રડી રહ્યો હતો. 'આલુભાઈ, માલા ભાઈને ફેફસામાંથી લોહી ના નીતળે તેની માટે તમે ટેટલું બધું તર્યું !' એની વાત સાંભળીને હસવું કે રડવું એ આલુ-ચીલી સમજી ના શક્યા.




ચીલીને એના આખા શરીરે લાગેલી આગનું રહસ્ય મળી ગયું હતું. જ્યારે જ્યારે કોઈ કોકોના વખાણ કરતું, કે એને એવું લાગતું કે કોકો એના કરતાં સારું કરે છે, ત્યારે ત્યારે એનું શરીર દાઝતું હતું. એ ભૂલી જ ગયો હતો, કે એને સિંગિંગ ગમે છે. આ ઈર્ષાના કારણે એની સૌથી મનપસંદ વસ્તુ જ એને ખુશી નહોતી આપી રહી. એ પણ બ્રાઉનીની જેમ જ કોઈ અદશ્ય રેસમાં દોડી રહ્યો હતો અને હાંફી રહ્યો હતો. બ્રાઉનીને થયેલું નુકશાન વિચારીને જ એના રૂંવાટા ઊભા થઈ ગયા. પણ સાથે સાથે એને ખુશી પણ થઈ, કે એના બેસ્ટ ફ્રેન્ડ આલુએ એને આ ઈર્ષાની આગમાંથી કાઢવા માટે આટલી મહેનત કરી. આ કેવી સરસ ફ્રેન્ડશિપ છે, જેમાં ચીલીનું નુકસાન ના થાય એ માટે આલુ એનાથી વિરુદ્ધ જવા રેડી હતો, પણ એની ખોટી વાતમાં સાથ આપવા જરાય રેડી નહોતો ! પણ એને અંદર હજુ કંઈક ખૂંચતું હતું, નડતું હતું. આલુ એનું કન્ફ્યૂઝન સમજી ગયો હોય એમ બોલ્યો, 'પૂછી લે, ચીલી !'



'આલુ, થેન્ક યૂ ! હવે મને સમજાયું, કે તું કેમ મને એવું કહેતો હતો કે હું જીતું કે હારું પણ હું બેસ્ટ જ રહીશ ! પણ કોકો તારી બેસ્ટ ફ્રેન્ડ હોય એમ દરેક વાતમાં તું એનો સાથ કેમ આપતો હતો ? તું એની માટે પણ ચીલી શેક કેમ લઈને આવ્યો હતો ? તું કૉમ્પિટિશનમાં મારા બદલે એની સાઈડ કેમ લેતો હતો ?' ચીલીની આંખમાં ફરિયાદ દેખાઈ રહી હતી.

આટલા દિવસથી જે વાત કહેવાનો આલુ પ્રયત્ન કરતો હતો, એ વાત હવે ચીલી સાંભળવા તૈયાર થયો હતો. આલુએ ચીલીને એક સેડ સ્માઈલ આપી અને બોલ્યો, 'તને યાદ છે ? જ્યારે હું સ્કૅટિંગ કૉમ્પિટિશન પૂરી કરીને તારી પાસે આવ્યો અને આપણે નક્કી કર્યું કે આપણે નેક્સ્ટ ડે સાથે રિયાઝ કરીશું ? હું તારા ઘરેથી નીકળીને તારા માટે ચીલી શેક લેવા થીઓના કૅફે ગયો. મેં તારા માટે ચીલી શેક લીધો અને ત્યાં મને કંઈ અવાજ આવ્યો.





કંઈ દેખાતું નહોતું બસ દૂર અંધારામાં કોઈ રડી રહ્યું હોય એવું લાગ્યું. રડવાનો અવાજ સાંભળતા જ થીઓએ એક નિસાસો નાખ્યો અને જીફફીની આંખોમાં પાણી આવી ગયા. મને તો કંઈ સમજાયું જ નહીં.'

'ભૂત... ભૂત હતુંને આલુભાઈ ? મને બેઝિલ કહેતી હતી, કે ત્યાં વડમાં એક ભૂત રહે છે, જે રાત્રે થીઓના કૅફેમાંથી ચીલી શેક લઈ જાય છે અને પછી એને તીખું લાગે એટલે રડે છે ! પણ એને તીખું લાગતું હોય તો એણે ચીલી શેક પીવો જ ના જોઈએ ને !', કાયમની જેમ આત્મવિશ્વાસ સાથે પાર્સલી બોલ્યો.

ભૂત... આ ભૂત ક્યાંથી આવ્યું ? તમને શું લાગે છે ? શું ખરેખર કોઇ ભૂત રડતું હતું કે પછી...




## સામગ્રી :

ખાખરા



ડુંગળી



ટમેટા



કેપ્સીકમ



કોબી



ટોમેટો સોસ અથવા પિઝા પાસ્તા સોસ



ઓરેગાનો



ચિલી ફ્લેક્સ



મીઠું સ્વાદ મુજબ



ચીઝ ક્યુબ



## બનાવવાની રીત :

સૌથી પહેલા ચોપર લો અને તેમાં બધા શાકભાજી (ડુંગળી, ટમેટા, કેપ્સીકમ, કોબી) નાખીને તેને ઝીણા ચોપ કરી લો. ત્યારબાદ તેને એક બાઉલમાં કાઢી લો.





એક પ્લેટમાં એક ખાખરો મૂકો.



ખાખરા પર પિઝા સોસ લગાવો અને
તેના પર એક ચપટી મીઠું છાંટો.



તૈયાર કરેલા ઝીણા સમારેલા શાકભાજીને
ખાખરા પર સરખી રીતે ફેલાવી દો.



હવે તેના પર એક ચીઝ ક્યુબ લો અને
તેને છીણીને શાકભાજી પર ફેલાવો.



છેલ્લે તેના પર ચીલી ફ્લેક્સ અને
ઓરેગાનો છાંટો.



તમારો ટેસ્ટી ખાખરા પિઝા તૈયાર
છે ! તમારા મમ્મી-પપ્પાને પ્લેટમાં
સર્વ કરો.

શેફ ટિપ : જો તમારે ખાખરા પિઝા વધુ કડક જોઈતો હોય, તો
ટોપિંગ મુકતા પહેલા ખાખરાને તવા પર થોડો હળવો શેકી લો.

# શરત

દૂર દૂર એક લીલાછમ જંગલમાં પીહુ નામની બિલાડી એના મમ્મી-પપ્પા સાથે રહેતી હતી. એક દિવસ સ્કૂલમાં એણે એના ફ્રેન્ડ્સ પાસે 'મિયાઉ-મસ્તી' નામના નવા એડ્વેન્ચર પાર્કની વાતો સાંભળી.

'રોલર-કોસ્ટરમાં બહુ મજા આવી ! પણ વૉટર ફોલ લપસણી બેસ્ટ હતી.' સુબ્બુ બોલ્યો. 'હા, એમાં તો જેટલી વાર બેસીએ, એટલી વાર મજા જ આવે !' મીનુએ કહ્યું.

'અને મલાઈ આઈસ્ક્રીમ તો હું ખાતો જ રહી ગયો.' ઝૂમોના મોઢામાં ફરી પાણી આવી ગયું.

આ બધું સાંભળીને પીહુને એડ્વેન્ચર પાર્કમાં જવાની ઈચ્છા થઈ ગઈ. એણે નક્કી કરી લીધું, કે રવિવારે એ મમ્મી-પપ્પા સાથે મિયાઉ-મસ્તી એડ્વેન્ચર પાર્ક જશે.



સાંજે એણે પપ્પાને કહ્યું, 'પપ્પા, આ રવિવારે મિયાઉ-મસ્તી એડ્વેન્ચર પાર્ક જઈએ ? પ્લીઝ પપ્પા...'

'બેટા, આ રવિવારે તો ઑફિસમાં કામ છે. આપણે આવતા રવિવારે ચોક્કસ જઈશું.' પપ્પાએ પ્રૉમિસ આપ્યું.

'પપ્પા, તમે કાયમ આવું જ કરો છો. પ્લીઝ લઈ જાઓ ને !' પીહુએ પપ્પાને મનાવવાની કોશિશ કરી.

'આ રવિવારે નહીં જ ફાવે. તું એમ કર, મમ્મી સાથે જઈ આવ.' પપ્પાએ કહ્યું.

ત્યાં જ મમ્મી કિચનમાંથી બહાર આવ્યા અને કહ્યું, 'પીહુ, આ રવિવારે માસી આવે છે. એટલે આપણાથી નહીં જવાય.'

પીહુ એકદમ રડમસ થઈ ગઈ અને પછી ચિઢાઈને બોલી, 'તમે લોકો ક્યારેય મારી કોઈ ઈચ્છા પૂરી કરતા જ નથી. તમને લોકોને મારી કંઈ પડી જ



નથી. હું તમારી સાથે વાત જ નહીં કરું.' એમ કહી, પગ પછાડીને ધબ ધબ કરતી રૂમમાં જતી રહી.

મમ્મી-પપ્પાને પીહુના શબ્દોથી બહુ દુઃખ થયું. પણ તેઓ કંઈ બોલ્યા નહીં.

તે રાત્રે મોડે સુધી પીહુને ઊંઘ ના આવી. એના મનમાં એડ્વેન્ચર પાર્કના જ વિચારો ચાલી રહ્યા હતા. એને અચાનક દાદીએ કહેલા શબ્દો યાદ આવ્યા, 'કોઈ પણ દુઃખી બાળક ચમકપરીને યાદ કરે, તો ચમકપરી હંમેશા એની મદદ કરે.'

પીહુએ દિલથી ચમકપરીને યાદ કરીને કહ્યું, 'ચમકપરી, પ્લીઝ મારી હેલ્પ કરો ને.'

જેવું પીહુનું વાક્ય પૂરું થયું, કે આખો રૂમ ચમકતા કણોથી ભરાઈ ગયો અને એક તેજસ્વી પરી એની આંખો સામે પ્રગટ થઈ. એણે પીહુને મીઠું સ્મિત આપ્યું. પીહુને વિશ્વાસ જ ન આવ્યો.

એ આશ્ચર્યથી બોલી, 'તમે... ખરેખર... ચમકપરી છો ?'

'હા પીહુ ! જે બાળક દિલથી મને યાદ કરે એને હેલ્પ કરવા હું



તરત હાજર થઈ જાઉં છું. બોલ, તને શું પ્રૉબ્લેમ છે ?'

પીહુ રડવા લાગી. તે રડતા રડતા બોલી, “મારા મમ્મી-પપ્પા મારી એકેય ઈચ્છા પૂરી નથી કરતા ! મેં એમને ખાલી આટલું જ કહ્યું, કે ‘મને આ રવિવારે મિયાઉ-મસ્તી એડ્વેન્ચર પાર્ક લઈ જાઓ.’ પણ એ લોકો મને નથી લઈ જવાના !”

‘ઓહ ! એમ ? આવું થઈ ગયું ! આ તો બહુ ખોટું કહેવાય ! આવું તો ના જ ચાલે ! હું ચોક્કસ તારી હેલ્પ કરીશ !’ ચમકપરી બોલી.

‘ખરેખર ?’ પીહુના આંસુ અચાનક બંધ થઈ ગયા. જાણે એણે આંસુ બંધ કરવાની કોઈ સ્વિચ દબાવી દીધી હોય.

‘પણ તારે મારી એક વાત માનવી પડશે.’ ચમકપરીએ ધીમે રહીને કહ્યું.

‘શું ?’

‘આ ઈચ્છા પૂરી થાય, ત્યાં સુધી તારે મમ્મી-પપ્પા પાસે બીજું કંઈ જ નહીં માંગવાનું... તો જ હું તારી હેલ્પ કરી શકીશ, સમજાય છે ?’



પીહુ વિચારમાં પડી ગઈ.

ચમકપરી બોલી, 'વિચાર શું કરે છે ? તે જ કહ્યું ને, કે તારા મમ્મી-પપ્પા તારી એકેય ઈચ્છા પૂરી નથી કરતા. તો આ તો સહેલું છે ને ?!'

પીહુ થોડું ફીકું હસી. અને એણે 'હા' પાડી.

બીજા દિવસે સવારે પીહુને મલાઈદાર ખીર ખાવાની ઈચ્છા થઈ. આમ તો એ તરત મમ્મીને કહી દેત, પણ એને ચમકપરીની વાત યાદ આવી અને વિચાર્યું, મારે મમ્મી પાસે કંઈ નથી માંગવાનું. તો જ ચમકપરી મારી ઈચ્છા પૂરી કરશે. આમ વિચારીને એ ચૂપ થઈ ગઈ.

એણે ડાઈનિંગ ટેબલ પર જોયું તો મમ્મીએ ખીર બનાવી હતી.

'અરે વાહ ! આ તો જાદુ થઈ ગયું. માંગ્યા વગર જ મળ્યું !' પીહુ ખીર જોઈને ખુશ થઈ ગઈ.



મમ્મીએ ખીર આપતા કહ્યું, ‘બેટા, ગયા અઠવાડિયે તે કહ્યું હતું ને, કે તારે ખીર ખાવી છે. છેક આજે બનાવવાનો મેળ પડ્યો.’

‘થેન્ક યૂ મમ્મી.’ પીહુએ રાજી થઈને ખીર ખાધી.

બપોરે સ્કૂલેથી આવીને પીહુ એની ડ્રોઈંગ બુકમાં કલર્સ પૂરતી હતી. એના કલર્સ ખરાબ થઈ ગયા હતા. તો પણ એ ચૂપચાપ કલર પૂરતી રહી. મમ્મીએ આ જોયું અને તરત બોલ્યા, ‘અરે પીહુ, તારા ક્રેયોન્સના તો કેવા ટુકડા થઈ ગયા છે ! કાલે તારા માટે નવા ક્રેયોન્સ લઈ આવીશ.’

પીહુ ખુશ થઈ ગઈ. એણે મનમાં વિચાર્યું, ‘મેં તો ક્રેયોન્સ નહોતા માંગ્યા. એટલે વાંધો નહીં.’

પીહુને નવા શૂઝ જોઈતા હતા. એના જૂના શૂઝ થોડા ટૂંકા થઈ ગયા હતા. એણે વિચાર્યું, ‘રવિવારે એડ્વેન્ચર પાર્ક જઈ આવ્યા પછી માંગીશ.’

શનિવારની સાંજ હતી.



બસ, કાલે 'એડ્વેન્ચર પાર્ક' જવાનું જાદુ થવાનું હતું. સાંજે રમવા જવા માટે પીહુએ શૂઝનો કબાટ ખોલ્યો. જોયું તો પપ્પા એના માટે નવા શૂઝ લઈ આવ્યા હતા. આ એ જ શૂઝ હતા, જે થોડા દિવસ પહેલા એણે મોલમાંથી લેવાની જીદ કરી હતી.

થોડી ક્ષણો માટે એ બહુ જ ખુશ થઈ ગઈ અને પછી અચાનક એના ચહેરા પર ઉદાસી આવી ગઈ. એના શૂઝની બાજુમાં જ પપ્પાના શૂઝ પડ્યા હતા. જે સાવ જૂના થઈ ગયા હતા. એમાં કાણા પડી ગયા હતા. પીહુને વિચાર આવ્યો, 'પપ્પાને પણ નવા શૂઝની જરૂર છે. તે દિવસે મોલમાં એમને પણ શૂઝ ગમ્યા હતા. પણ એમણે નહોતા ખરીદ્યા અને આજે પણ એમણે મારા માટે જ ખરીદ્યા, પોતાના માટે નહીં.'

તે રાત્રે પીહુ વિચારવા લાગી, 'મમ્મી-પપ્પા મારી બધી જ ઈચ્છાઓ પૂરી કરે છે. ઘણી વાર તો કહ્યા વગર જ પૂરી કરી દે છે. મેં તો વિચાર્યા વગર જ કહી દીધું, કે



એમને મારી પડી જ નથી. એમને કેટલું દુઃખ થયું હશે !’

પીહુએ ઉપર જોઈને ચમકપરીને યાદ કરી અને કહ્યું, ‘મારે આ રવિવારે એડ્વેન્ચર પાર્ક નથી જવું. મમ્મી-પપ્પા જ્યારે મને લઈ જશે ત્યારે જઈશ.’

ચમકપરી તરત રૂમમાં હાજર થઈ ગઈ. પીહુ સામે ફરી મીઠું હસી. એણે પીહુને કહ્યું, ‘પીહુ, તું કેટલી ડાહી છે, કે તને કોઈ જાદુ વગર જ જાતે ખબર પડી ગઈ, કે મમ્મી-પપ્પા તારી બધી જ ઈચ્છાઓ પૂરી કરે છે. તરત ને તરત ના પણ થાય, પણ એના ટાઈમ પર ચોક્કસ પૂરી થઈ જાય છે. મેં જોયું છે, કે તારા જેવા ડાહ્યા બાળકોને આ વાત જલ્દી સમજાય જાય છે. હવેથી જો મમ્મી-પપ્પાને દુઃખ થાય એવું બોલાઈ જાય, તો તરત માફી માંગી લેજે. પણ હા, તને તો મારે આવું કહેવાની જરૂર નથી. તું તો ડાહી છે. તને તો ખબર જ હશે ને ! એમ કહીને ચમકપરી ગાયબ થઈ ગઈ.

બીજા દિવસે, એટલે કે એ રવિવારે પીહુ એડ્વેન્ચર પાર્ક ના જઈ શકી. પણ એના પછીના રવિવારે પીહુએ પાર્કમાં એટલી બધી મજા કરી કે ના પૂછો વાત !



# ચાલો રમીએ...

## ઓળખો તમારા મમ્મી પાપાને

પપ્પાનું નામ- ______________________

મમ્મીનું નામ- ______________________

### મમ્મી પપ્પાનું મનપસંદ ભોજન

______________

______________

### શોખ

______________

______________

### મમ્મી પપ્પાને ગમતી ચોકલેટ

______________

______________

### મમ્મી પપ્પાને ગમતો આઈસ્ક્રીમ

______________

______________

______________

### મમ્મી પપ્પાનો મનપસંદ કલર

### મમ્મી પપ્પાને ગમતી જગ્યા

______________

______________

### મમ્મી પપ્પાને ગમતું મ્યુઝિક

______________________

______________________

### મમ્મી ખુશ થાય છે જ્યારે હું

______________

______________

______________

### મમ્મી પપ્પાનો જન્મદિવસ

______________

______________

### મમ્મી પપ્પાને ગમતા પુસ્તકો

______________

______________

### પપ્પા ખુશ થાય છે જ્યારે હું

______________________

______________________

તમારો જવાબ અમને આ નંબર પર ૯૩૧૩૬૬૫૫૬૨ કરો...

# મીઠી યાદે...

હું પાંચમા ધોરણમાં ભણતી હતી, જ્યારે મારા મમ્મી અને હું અમેરિકાથી કાયમ માટે ઈન્ડિયા રહેવા આવી ગયા હતા. નીરુમા બહુ જ રાજી થયા કે અમે અમેરિકાથી બધું છોડીને ઈન્ડિયા આવ્યા. મારે નીરુમા સાથે રહેવું હતું અને એટલે જ હું ઈન્ડિયા આવવા માટે તૈયાર થઈ હતી.

મેં એક સ્કૂલમાં એડમિશન લીધું. પણ ઈન્ડિયાની સ્કૂલમાં ભણવાની પદ્ધતિ અમેરિકા કરતા સાવ જુદી હતી. અમેરિકામાં પાંચમા ધોરણ સુધી મેં ક્યારેય કોઈ પરીક્ષા નહોતી આપી. ત્યાંની સ્કૂલમાં ફક્ત ક્વિઝ અને ઍક્ટિવિટી હોય. જેમાં ટીચર્સ તપાસી લે, કે અમને સમજણ પડી છે કે નહીં. પણ ઈન્ડિયામાં તો બધા વિષયોની એકસાથે પરીક્ષા લેવામાં આવે. જેમાં શબ્દેશબ્દ ગોખીને લખવાના હોય. આવું કરવું મારા માટે બહુ જ અઘરું હતું. આમ ગોખીને લખવાનો મને બહુ જ કંટાળો આવતો હતો.



મને થયું, કે હું તો નીરુમા માટે ઈન્ડિયા આવી છું. મારે તો એમની સાથે રહેવું છે. મને નીરુમા બહુ જ ગમે છે, એટલે હું ઈન્ડિયા તો નહીં જ છોડું. પણ ભણવાનું તો છોડી શકું ને ? મને આવી પદ્ધતિથી નથી ભણવું. મારે તો નીરુમાની સેવા જ કરવી છે. એના માટે ભણવું ક્યાં જરૂરી છે ?

એક દિવસ મેં નીરુમાને કહ્યું, 'નીરુમા, મારે નથી ભણવું.'

નીરુમાએ શાંતિથી સાંભળ્યું. બિલકુલ ગુસ્સે ના થયા. એમણે ફક્ત એટલું જ કહ્યું, 'સારું, આપણે એવું કરીએ, કે કામ કરવાવાળા ભાઈને રજા આપી દઈએ. જે ના ભણે એણે વાસણો ઘસવાના, કપડાં ધોવાના અને રાંધવાનું. એટલે હવે કાલથી તારે આ બધા કામો કરવાના.'

આ સાંભળીને મેં કહ્યું, 'ના, ના નીરુમા, મારે આ બધા કામ નથી કરવા, હું ભણીશ.'

થોડા દિવસ પછી નીરુમાએ મને એમની પાસે બોલાવીને કહ્યું, 'જો આપણે ભણીએ તો દાદાનું જ્ઞાન સમજવામાં વધારે હેલ્પ થાય. અમે ડૉક્ટર બન્યા અને એટલે જ તો જ્યારે દાદાને ફ્રેક્ચર થયું, ત્યારે દાદાની સેવામાં રહી શક્યા. તું સરસ ભણી લઈશ પછી અમારી સાથે રહીને સેવા કરી શકીશ.'

અને ત્યાર પછી મને ક્યારેય એવો વિચાર નથી આવ્યો, કે મારે ભણવું નથી.

મિત્રો, આ બહેન ખૂબ સરસ ભણ્યા અને મોટા થઈને ડૉક્ટર બન્યા. આજે તેઓ દાદાના જગત-કલ્યાણની સેવામાં સમર્પિત છે.

## દાદા ભગવાન બાળપણથી જ વિચારશીલ હતા અને ઓબ્ઝર્વેશન કરીને તારણ કાઢતા જેના સુંદર પ્રસંગો એક ક્લિક પર.

### દાદા ભગવાનની વાર્તાઓ હવે
# kids.dadabhagwan.org
### વેબસાઈટ પર !

